# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૮ તા.૧૬-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિદ્યાર્થીઓના આધારનંબર-બેંક ખાતા લીંક કરાવવા બાબત.

સંદર્ભ :- (૧) અધિક મુખ્ય સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગરના તા.૧૫/૦૨/૨૦૨૩ના ક્રમાંક-SJED/ASO/172022/50/G.

(૨) નં.એચબી/એ.ડી.એમ/પ્રિ-મેટ્રીક્સ શિષ્યવૃત્તિ/વશી.૭૯/૨૦૨૩ અધિક ચીટનીશ શાખા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદની કચેરીનો તા.૦૬-૦૩-૨૦૨૩નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના તથા પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના ૧૦૦% શિષ્યવૃત્તિ ચુકવણું વિદ્યાર્થીઓને આધારબેઝથી કરવાનું હોવાથી તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધારલીંક કરવાના થાય છે તથા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT Payment Enable પણ કરવાનું હોય અમદાવાદ જિલ્લાની તમામ બેંક શાખામાં વિદ્યાર્થીઓ તરફથી રજૂઆત ધ્યાતે લઇ તેઓની બેંક ખાતા-આધાર લીંક કરવા તથા આધારબેઝથી પેમેન્ટ કરવા માટે DBT Payment Enable કરી આપવા આપની કક્ષાએથી તમામ સંબંધિત બેંકોને સુચના આપશો. જે વિદ્યાર્થીઓના આધાર-બેંક ખાતા લીંક કરવાના બાકી છે તેવા વિદ્યાર્થીઓનો તથા તેમના વાલીઓનો સંપર્ક કરી આધાર-બેંક લીંક કરવાની કામગીરી દિન-૧૦ માં પૂર્ણ કરવી. જેથી કરીને સમયસર અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાય. જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અધિક ચીટનીશ શાખા
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદની કચેરી
જિલ્લા સેવા સદન, સુભાષ બ્રિજ સર્કલ, અમદાવાદ
ફોન નં.૦૭૯-૨૭૫૬૧૯૭૦(ext.-402) ઈ-મેલ: achitnisabad@gmail.com

તાત્કાલિક/અગત્યનું

નં.એચબી/એ.ડી.એમ/પ્રિ મેટ્રિક્સ શિષ્યવૃતિ/વશી.૭૫/૨૦૨૩ તા.૦૬/૦૩/૨૦૨૩

પરિપત્ર:-

વિષય :- વિધાર્થીઓના આધારનંબર- બેંક ખાતા લીંક કરાવવા બાબત.
સંદર્ભ :- અધિક મુખ્ય સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા. ૧૫/૦૨/૨૦૨૩ના ક્રમાંક SJED/ASO/172022/50/G.

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના તથા પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનામાં વર્ષ-૨૦૨૨-૨૩ થી શિષ્યવૃતિનું ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિધાર્થીઓને ૧૦૦% શિષ્યવૃતિ રાજય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેન્દ્ર સરકારશ્રીનો હિસ્સો કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવી લેવામાં આવતો હતો જયારે નવી ગાઇડલાઇન મુજબ વર્ષ-૨૦૨૨-૨૩ થી વિધાર્થીઓને ૪૦:૬૦ (રાજય:કેન્દ્ર) ના રેશીયામાં આધાર બેઝથી DBTથી ચુકવણું કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

વધુમાં, કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના ૧૦૦% શિષ્યવૃતિ ચુકવણું વિધાર્થીઓને આધારબેઝથી કરવાનું હોવાથી તમામ વિધાર્થીઓના બેંક ખાતા

આધારલીંક કરવાના થાય છે. તથા વિધાર્થીઓના બેંક ખાતામાં "DBT Payment Enable" પણ કરવાનું હોય અમદાવાદ જિલ્લાની તમામ બેંક શાખામાં વિધાર્થીઓ તરફથી રજૂઆત ધ્યાને લઇ તેઓની બેંક ખાતા-આધાર લીંક કરવા તથા આધારબેઝથી પેમેન્ટ કરવા માટે "DBT Payment Enable" કરી આપવા આપની કક્ષાએથી તમામ સંબંધિત બેંકોને સુચના આપવાની રહેશે.

જિલ્લાની તમામ શાળાઓના વિધાર્થીઓની યાદી નાયબ નિયામક, અનુ. જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદ તરફથી જિલ્લા કચેરીઓને મોકલી આપેલ છે. તે મુજબના કુલ-૨૫૧૯૫ વિધાર્થીઓના બેંક ખાતા આધાર લીંક કરવાના બાકી છે. જે શાળા/વિધાર્થીઓનો સંપર્ક કરી સંબંધિત કચેરીઓ તથા સંબંધિત બેંકોએ તમમા વિધાર્થીઓના આધાર-બેંક ખાતા લીંક કરવાની કામગીરી દિન-૧૦ માં કામ પૂર્ણ કરવા આથી સુચના આપવામાં આવે છે.

6/3/23

બિડાણ:- ઉપર મુજબ

(ડૉ. ધવલ પટેલ)
જિલ્લા કલેકટર
અમદાવાદ

પ્રતિ:-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (શહેર) અમદાવાદ. - ૩૮૦૦૫૨
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) અમદાવાદ. - ૩૮૦૦૫૨
૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, અમદાવાદ. - ૩૮૦૦૦૧
૪. નગર પ્રાથમિક શિક્ષણસમિત, શાસનાધિકારીશ્રી, સ્કાઉટ ભવન, પી. ટી. કોલેજની બાજુમાં, પાલડી, અમદાવાદ. - ૩૮૦૦૦૭
૫. લીડ બેંક મેનેજરશ્રી એસ. બી. આઇ. આંબાવાડી, અમદાવાદ. - ૩૮૦૦૦૬.